ઇ-મેઇલ દ્વારા

**પ્રતિ** - ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. બ્લોક નં.૧, આઠમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર

**જાણ** - પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર.

**પ્રેષક** - પોલીસ અધિક્ષક ભાવનગર.

**ક્રમાંક** - કોમ્પ્યુટર શાખા/સાફલ્ય ગાથા/૫૯૮/૨૨, તા.૧૭/૧૦/૨૦૨૨

**આધાર** - અ.પો.મહા.શ્રી, એસ.સી.આર.બી., ગુ.રા., ગાંધીનગરના મેસેજ ક્રમાંકઃએસસીઆરબી/પોલીસ સાફલ્યગાથા/૧૪૩/૨૦૧૨, તા.૦૪/૦૭/૨૦૧૨ અન્વયે.

**વિષય** - વેબસાઇટ અપડેટ કરવા સાફલ્ય ગાથાની માહિતી મોકલ્યા બાબત.

સવિનય જય ભારત સાથ આપશ્રીની કચેરીના ફેકસ મેસેજ ક્રમાંક સીસી/કોન્સોલ/૫૮૦/૨૦૧૨ તા.૨૩/૦૫/૨૦૧૨ અન્વયે ભાવનગર જીલ્લાની સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે વેબ સાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

નીચે જણાવ્યા મુજબનાં મુદ્દાની કામગીરી તા.૧૦/૧૦/૨૦૨૨ થી તા.૧૬/૧૦/૨૦૨૨ સુધીમાં પોલીસ વિભાગનાં દરેક અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ સારી કામગીરી (સાફલ્ય ગાથા) ની હકીકત અત્રેના જીલ્લાની સામેલ પત્રક મુજબ છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

૧. કોઇ ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા/અટકાવવાની કામગીરી.
૨. ખોવાયેલ/વિખુટા પડેલ બાળક, મહિલા કે વૃધ્ધને વાલી વારસને સોંપેલ હોય.
૩. મહિલા, બાળકો તથા વૃધ્ધોને પરેશાની કે હેરાનગતિના બનાવોથી બચાવેલ હોય.
૪. બાળ શોષણના કેસો શોધી કાઢયા હોય.
૫. કોઇ મોટા પ્રમાણમાં વિસ્ફોટક પદાર્થ, હથિયારો, માદક દ્રવ્યોના કેસો શોધી કાઢેલ હોય.
૬. કોઇ ત્રાસવાદી/નકસ્લવાદી પ્રવૃતિ અટકાવેલ હોય/શોધી કાઢેલ હોય.
૭. કોઇ ગામ કે વિસ્તાર પોલીસના સમજાવટનાં પ્રયાસોથી વ્યસન મુકત બનેલ હોય.
૮. કોઇ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને આર્થિક તથા અન્ય રીતે મદદરૂપ થવાની કામગીરી કરેલ હોય.
૯. કોઇ પણ પ્રસંગ હોય અને પોલીસે પ્રજા માટે સારી કામગીરી કરેલ હોય.
૧૦. પોલીસની કામગીરીમાં પ્રજાએ પણ સહકાર આપ્યો હોય.
૧૧. કોઇ બીમારીથી પિડાતા દર્દીને પોલીસે કોઇ પણ રીતે મદદરૂપ થયેલ હોય.
૧૨. કોઇ ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીને બ્લડની જરૂરીયાત હોય અને તે જરૂરીયાત પોલીસના માણસો દ્વારા પુરી પાડવામાં આવેલ હોય.
૧૩. સીનીયર સીટીઝનને પોલીસ દ્વારા સુરક્ષીત કરવા મદદ કરવામાં આવેલ હોય.
૧૪. કોઇ સમયે અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ કે કુદરતી હોનારત દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા બચાવ કે આશ્રય આપવાની કામગીરી કરવામાં આવેલ હોય.
૧૫. પોતાનાં સંતાનો દ્વારા તરછોડાયેલ માતા-પિતાને પોલીસ દ્વારા તેમનાં સંતાનોને સમજાવી વૈમનસ્ય/ધૃણા દુર કરી, સંયુકત કુટુંબમાં રહેવાની ભાવના કેળવવા સમજાવવાની કામગીરી કરેલ હોય.

**( આર.આર.સિંઘાલ )**
I/C નાયબ પોલીસ અધિક્ષક
મુખ્ય મથક અને નોડલ ઓફીસર
ભાવનગર

## ભાવનગર એસ.ઓ.જી. પોલીસનું સુપર્બ ઓપરેશન:

### અધધ રૂપિયા એક કરોડ ઓગણચાલીસ લાખ બે હજારની જાલી નોટ સાથે કુલ-પાંચ ઇસમોને બનાવટી ભારતીય ચલણી નોટો (જાલી નોટો) તથા બનાવટી ચલણી નોટો છાપવાના સાહિત્ય, સાથે ઝડપી લેતી એસ.ઓ.જી. ભાવનગર

---

ભાવનગર રેન્જના આઇ.જી.પી.શ્રી અશોક કુમાર સાહેબ તથા ભાવનગર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબે ભાવનગર જીલ્લાના એસ.ઓ.જી.ના નવનિયુક્ત પોલીસ ઇન્સ્પેકટર એસ.બી.ભરવાડ સાહેબને ભાવનગર જીલ્લામાં એસ.ઓ.જી.ના ચાર્ટરને લગતી કામગીરી શોધી કાઢવા સુચના આપેલ હતી

જે અનુસંધાને એસ.ઓ.જી.ના નવનિયુક્ત પોલીસ ઇન્સ્પેકટર અને અગાઉ એલ.સી.બી. શાખામાં ફરજ બજાવી ચુકેલ એસ.બી.ભરવાડની રાહબરી નીચે એસ.ઓ.જી. સ્ટાફની અલલ અલગ ટીમો બનાવી એસ.ઓ.જી.ને લગત કામગીરી શોધી કાઢવા ઓપરેશન હાથ ધરેલ હતા તેના ભાગરૂપે એસ.ઓ.જી.ને સચોટ અને ચોક્કસ બાતમી હકિકત મળેલ હતી કે, અગાઉ જાલી નોટમાં પકડાયેલ અને જેલ મુક્ત થયેલ આરોપીઓ શોર્ટકટ અપનાવી રાતોરાત રૂપિયા વાળા થવાની લાલચમાં ફરી વખત જાલી નોટો બજારમાં ખરા તરીકે ઉપયોગ કરવાના હેતુથી એક ગેંગ બનાવી અને ભારતીય ચલણી નોટો છાપવાનું શરૂ કરેલ છે. તે બાતમી એસ.ઓ.જી. પોલીસ ડેવલોપ કરી અને ચોક્કસ બાતમી હકિકત મેળવેલ હતી કે, અગાઉ ભાવનગર જીલ્લામાં જાલી નોટના કેસમાં પકડાયેલ આરોપી હાર્દિક વાઘેલા અને તેનો સાગરીત સુરેશભાઇ આડેસરા તથા બનાસકાંઠા જીલ્લામાં જાલી નોટના કેસમાં પકડાયેલ આરોપી મેરાજભાઇ રબારી તેના બીજા સાગરીતો સાથે મળી થોડા સમયથી ભાવનગરમાં ચોક્કસ જગ્યાએ ભારતીય ચલણની જાલી (બનાવટી) નોટો પ્રિન્ટ કરે છે અને તે તમામ એક જગ્યાએ આ વહીવટ માટે ભેગા થવાના છે જે ચોક્કસ બાતમી આધારે ભાવનગર એસ.ઓ.જી. પોલીસે ઓપરેશન ગોઠવી ભાવનગર ઘોઘારોડ, ગાયત્રીનગર પાસે શ્રીરામ સોસાયટીમાં આવેલ આરોપી હિરેનભાઇ રમેશભાઇના રહેણાંકી મકાને દરોડા પાડી કુલ પાંચ (૫) ઇસમોને અધધ કહી શકાય તેવી <u>રૂપિયા ૧,૩૯,૦૨૦૦૦/- અંકે રૂપિયા એક કરોડ ઓગણચાલીસ લાખ બે બજારના અંકિત મુલ્યની રૂપિયા ૨૦૦૦ ના દરની બનાવટી ચલણી નોટ નંગ- ૬૯૫૧</u> તથા નોટો છાપવા ઉપયોગમાં લીધેલ કલર પિન્ટર કમ ઝેરોક્ષ કમ સ્કેનર મશીન તથા રોકડ રૂપિયા સહિય રૂપિયા ૧,૯૭,૭૦૦૦/- ના મુદ્દામાલ સાથે પાંચ આરોપીઓને દબોચી લઇ ત્રણ (૩) આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તમામ સામે ભાવનગર ભરતનગર પોલીસ સ્ટેશન ખાતે એસ.ઓ.જી.ના હેડ કોન્સ. પી.ડી.ગોહિલે પાર્ટ એ ગુ.ર.નંબર ૧૧૧૯૮૦૬૯૮૨૨૦૬૭૮/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૪૮૯(એ).(બી).(સી).(ડી). ૧૨૦(બી). ૩૪ મુજબ ગુન્હો રજીસ્ટર કરાવી આગળની તપાસ એસ.ઓ.જી. પોલીસ ચલાવી રહી છે

<u>પકડાયેલ આરોપીઓ:-</u>

૧) હિરેનભાઇ રમેશભાઇ સીયાતર/બારોટ ઉ.વ.૨૭ રહેવાસી બ્લોક નંબર ૬૧૮૨, શ્રીરામ સોસાયટી, ગાયત્રીનગરની બાજુમાં, ઘોઘારોડ, ભાવનગર

(૨) હાર્દિકભાઇ ભુપતભાઇ વાઘેલા/કોળી રહેવાસી ઉ.વ. ૨૯ રહેવાસી ગુંદીગામ (કોળીયાક), ઘનેશ્વર મહાદેવના મંદિર પાસે તા.જી. ભાવનગર

(૩) પંકજભાઇ જીવાભાઇ સોનરાજ/બારોટ ઉ.વ.૪૪ રહેવાસી ફ્લેટ નંબર ૪૦૫, સુંદરમ ફ્લેટ, આંબાવાડી, વૃધ્ધાશ્રમ પાસે ભાવનગર

(૪) અયુબભાઇ ઉસ્માનભાઇ બીલખીયા ઉ.વ.૨૪ રહેવાસી સાણોદર ગામ તા. ઘોઘા જી. ભાવનગર

(૫) મેરાજભાઇ કુરશીભાઇ લોઢા/રબારી(દેસાઇ) ઉ.વ.૪૨ રહેવાસી ગામ-કુડવા, ચેબલી વાડી વિસ્તાર, કેનાલ પાસે, તા. કાંકરેજ જી. બનાસકાંઠા

<u>પકડવાના બાકી આરોપીઓ:-</u>

(૧) સુરેશભાઇ મોહનભાઇ આડેસરા રહેવાસી સામખીયારી તા. ભચાઉ જી. કચ્છ

(૨) જાવેદ હાજીભાઇ સરમાળી રહેવાસી અરમાન એપાર્ટમેન્ટ નવાપરા ભાવનગર

(૩) મહંમદરફિક ઉસ્માનભાઇ કુરેશી રહેવાસી ઘોઘા જી. ભાવનગર

ભરતનગર પોલીસ સ્ટેશન
ભાવનગર શહેર
પ્રેસ નોટ
પ્રેસ નોટ.૧૧/૧૦/૨૦૨૨

# માનસીક અસ્વસ્થ ગુમ થનાર અંકીતાબેનને તેના પરીવારને સુપ્રત કરતી ભરતનગર પોલીસ ટીમ

આજરોજ તા.૧૧/૧૦/૨૦૨૨ ના રોજ ભરતનગર પોલીસ પી.સી.આર. વાન પેટ્રોલિંગ મા હતા દરમીયાન એક જાગૃત નાગરીક નો ફોન આવેલ અને જણાવેલ કે, એક માનસીક અસ્વસ્થ અંકીતાબેન મુરલીધર સોસાયટી ખાતેથી મળી આવેલ છે જે આધારે પી.સી.આર. વાન તાત્કાલીક સ્થળ પર પહોંચી તેમના વાલી નો સમ્પર્ક કરી તેમના ભાઇ કિરણભાઇ લાલજીભાઇ ચુડાસમા ને રૂબરૂ બોલાવી તેઓને સુપ્રત કરેલ હતી.

આ સમગ્ર કામગીરીમાં ભરતનગર પો.સ્ટેના પો.ઇન્સ. શ્રી બી.આર. બેરા સાહેબ ના માર્ગદર્શન અને સુચના અન્વયે પી.સી.આર. વાનના પો.સ્ટાફના હેડ.કોન્સ. મહેશભાઇ પંડ્યા તથા પો.કોન્સ. દિનેશભાઇ મોભ નાઓ જોડાયા હતા.

